# SHRI GOVIND GURU UNIVERSITY

**GOVERNMENT POLYTECHNIC CAMPUS,**

**GADUKPUR, GODHRA. PANCHMAHALS – 389 001.**

# શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી

**સરકારી પોલિટેકનીક કેમ્પસ,**

ગદુકપુર, ગોધરા. પંચમહાલ -૩૮૯ ૦૦૧.

## ONLINE CENTRALIZED ADMISSION

## INFORMATION BOOKLET

## YEAR- 2020-2022

## બી.એડ્.

## ઓનલાઈન કેન્દ્રીય પ્રવેશ

## માહિતી પુસ્તિકા

## વર્ષ : ૨૦૨૦-૨૦૨૨

કિંમત: રૂ. ૩૫૦



## સન્માનનીય કુલપતિશ્રીનો સંદેશ

શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી, ગોધરા, ગુજરાત રાજ્યના મધ્ય ભાગ કે જેમાં મુખ્યત્વે પંચમહાલ, દાહોદ, છોટાઉદેપુર, મહીસાગર અને વડોદરા (ગ્રામ્ય) જીલ્લાઓનો સમાવેશ થાય છે. આ ગ્રામીણ વિસ્તારના વિદ્યાર્થીઓને ઉચ્ચશિક્ષણના વિશાળ ઉદ્દેશોની પ્રાપ્તિ માટે શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી કાર્યરત છે. આ વિસ્તારમાં વસતા તમામ વિદ્યાર્થીનું હું અંતઃકરણથી સ્વાગત કરું છું. આ યુનિવર્સિટીની શિક્ષણ વિદ્યાશાખાથી સામર્થ્યવાન થતો વિદ્યાર્થી શિક્ષણજગતમાં ફળદાયી સેવાઓ આપે તે માટે યુનિવર્સિટી કક્ષાએ બી.એડ્. અને એમ.એડ્નું ઓનલાઈન કેન્દ્રીયકૃત પ્રવેશકાર્ય થાય છે. આ યુનિવર્સિટી **NCTE, UGC** અને યુનિવર્સિટીના ધારાધોરણો અનુસરીને શૈક્ષણિક વર્ષ ૨૦૨૦-૨૦૨૨ માં વિદ્યાર્થીઓને ઓનલાઈન કેન્દ્રીયકૃત પ્રવેશ કાર્ય હાથ ધરશે. આ કાર્ય સંપૂર્ણ પારદર્શિતાના અભિગમને અનુસરશે અને વિધાર્થીઓને પૂર્ણપણે ન્યાય મળે, ગ્રામીણ વિદ્યાર્થીઓને ઘર આંગણે શિક્ષણ મળે. વિદ્યાર્થીઓના હિતો નું રક્ષણ થાય તેવા શુભ આશયમાં તમે સૌ સહભાગી બનશો એવી આશ ાવ્યક્ત કરું છુ.

પ્રો.પ્રતાપસિંહ ચોહાણ
કુલપતિશ્રી



## કુલસચિવશ્રીનો સંદેશો

ગુજરાત સરકાર દ્વારા વર્ષ ૨૦૧૫ ના ગુજરાત એક્ટ નં.૨૪/૨૦૧૫થી શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટીની સ્થાપના કારવામાં આવી હતી. પાંચ જીલ્લાઓનો ગુજરાત સરકારે મધ્ય ગુજરાતના સીમા વિસ્તારમાં સમાવેશ થાય તેવા પાંચ જીલ્લાઓનો શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી, ગોધરામાં સમાવેશ કરેલો છે. ગુજરાત એક્ટ નં ૨૪/૨૦૧૫ ની જોગવાઈ અંતર્ગત આજે ૧૫૩ કોલેજો અને ૧,૦૫,૦૦૦ વિદ્યાર્થીઓ આ યુનિવર્સિટી સાથે કાર્યરત છે. દિન પ્રતિદિન યુનિવર્સિટીનું વિકાસ વર્તુળ વધતા ૧૪ જેટલી વિદ્યાશાખાઓ તથા કોમર્સ અને વિજ્ઞાનના ભાવનો સાથે પી.એચડી. અભ્યાસક્રમ આજે વિકસિત થઇ ચુક્યા છે. જે માન.કુલપતિશ્રી સાહેબની યશસ્વી કામગીરીના પરિણામો છે.

યુનિવર્સિટીમાં એક્ઝીક્યુટીવ કાઉન્સિલ, એકેડેમિક કાઉન્સિલ અન્ય કમિટીઓથી વિકેન્દ્રિત વ્યવસ્થાપન યુનિવર્સિટીના વિકાસને ઊંચે લઇ જઈ રહી છે, એટલે આવતું ભવિષ્ય રાજ્ય સરકારશ્રીના મૂળ ઉદ્દેશની પરિકલ્પનાને સિદ્ધ કરશે તેમાં કોઈ શંકાને સ્થાન નથી. શિક્ષણ વિદ્યાશાખામાં બી.એડ અને એમ.એડની ઓનલાઈન કેન્દ્રિયકૃત પ્રવેશ પારદર્શક બને તે માટે બી.એડ કમિટીની રચના કરવામાં આવેલ છે. જે પ્રવેશના NCTEના ધારા-ધોરણોને અનુસરે છે. યુનિવર્સિટીની એક્ઝીક્યુટીવ કાઉન્સિલ, એકેડેમિક કાઉન્સિલ અને અન્ય કમિટીઓ ઉચ્ચ શિક્ષણની ગુણવત્તા સુધરે તેમાટે પ્રેરણા માર્ગદર્શનો આપે છે. શૈક્ષણિક વર્ષ ૨૦૨૦-૨૦૨૨ના બી.એડ. પ્રવેશ ઈચ્છુકને હું આવકારું છું અને આ વિદ્યાર્થીઓનું સ્વાગત કરું છું.

ડૉ .અનીલ એસ. સોલંકી
કા.કુલસચિવશ્રી

## બી.એડ્. પ્રવેશ : ૨૦૨૦ મહત્વની સૂચનાઓ

1. ગોવિંદ ગુરુ યુનિવર્સિટીની વેબસાઈટ (www.sggu.ac.in) પરથી ઉમેદવારોએ બી.એડ્. પ્રવેશ માટેનું ફોર્મ ભરવાનું રહેશે.
2. બી.એડ્. પ્રવેશ ફોર્મ ઓનલાઈન ભરવાની પ્રકીયા માટે યુનિવર્સિટીની વેબસાઈટ પર મુકેલ માર્ગદર્શિકાનો અભ્યાસ કરવાનો રહેશે.
3. બી.એડ્. પ્રવેશ ફોર્મ ભર્યા પછી ઉમેદવારે યુઝર નામ અને પાસવર્ડ નોંધી રાખવો.
4. ભવિષ્યમાં યુનિવર્સિટી વેબસાઇટપર લોગીન થવા માટે આ યુઝર નામ અને પાસવર્ડની જરૂર પડશે.
5. ઉમેદવારોએ ONLINE રજીસ્ટ્રેશન કરાવ્યા બાદ બી.એડ્. પ્રવેશ ફોર્મની પ્રિન્ટઆઉટ મેળવી લેવાની રહેશે.
6. ઉપરની દરેક પ્રોસેસ થઇ ગયા બાદ વિદ્યાર્થીનું ફોર્મ વેરિફિકેશન ઓનલાઇન થશે અને વેરિફિકેશન થઈ ગયા બાદ વિદ્યાર્થીને SMS જશે.
7. બી.એડ્. પ્રવેશ ફોર્મ ભરવાની અંતિમ તારીખ પછી મેરીટ યુનિવર્સિટીની વેબસાઇટ પર જોવા મળશે(www.sggu.ac.in) પર કામચલાઉ પ્રવેશ યાદી જોવા મળશે તેમજ વિષયવાર અને કેટેગરી વાર અંતિમ પ્રવેશ યાદી વેબસાઈટ પર જોવા મળશે .
8. પ્રવેશ અંગેના હવે પછીના કાર્યક્રમમાં કોઈ પણ ફેરફાર થશે તો તેની તમામ વિગતો યુનિવર્સિટીની વેબસાઇટ પર મૂકવામાં આવશે.
9. બી.એડ્. કોર્સનો સમયગાળો બે વર્ષ (ચાર સેમેસ્ટર)નો રહેશે.
10. આ બી.એડ્. પ્રવેશ ફોર્મ શૈક્ષણિક વર્ષ ૨૦૨૦ – ૨૦૨૨ માટેનું છે.

## શૈક્ષણિક વર્ષ ૨૦૨૦ – ૨૦૨૨ માટે બી.એડ્. પ્રથમ સેમેસ્ટરમાં પ્રવેશ કાર્યવાહીનું સમયપત્રક

| ક્રમ | માહિતી | તારીખ |
|---|---|---|
| ૧ | ઓનલાઈન ફોર્મ ભરવાનો સમયગાળો | તા.૧૨/૦૭/ ૨૦૨૦ થી તા.૩૦/૦૭/ ૨૦૨૦ |
| ૨ | પ્રોવિઝનલ મેરીટ લીસ્ટ જાહેરાત | તા.૦૧/૦૮/ ૨૦૨૦ |
| ૩ | મેરીટ સુધારા માટેની અરજીની તારીખ | તા.૦૧/૦૮/૨૦૨૦ થી તા.૦૩/૦૮/૨૦૨૦ |
| ૪ | ફાઈનલ મેરીટની જાહેરાત | તા.૦૫/૦૮/૨૦૨૦ |
| ૫ | ઓપન અને અનામત પ્રથમ પ્રવેશયાદીની જાહેરાતની તારીખ | તા.૦૮/૦૮/ ૨૦૨૦ થી તા.૧૧/૦૮/૨૦૨૦ |
| ૬ | ઓનલાઈન નેટબેન્કિંગ પેમેન્ટથી ફી ભરવાની અને કોલેજમાં રીપોર્ટીંગ કરવાની અંતિમ તારીખ | તા.૦૮/૦૮/૨૦૨૦ થી તા.૧૧/૦૮/૨૦૨૦ |
| ૭ | ઓપન અને અનામત બીજી પ્રવેશયાદીની જાહેરાત | તા.૧૬/૦૮/૨૦૨૦ |
| ૯ | ઓનલાઈન નેટબેન્કિંગ પેમેન્ટથી ફી ભરવાની અને કોલેજમાં રીપોર્ટીંગ કરવાની અંતિમ તારીખ | તા.૨૦/૦૮/૨૦૨૦ |
| ૧૦ | સેમેસ્ટર-૧ શૈક્ષણિક કાર્યની શરૂઆત | તા.૨૫/૦૮/૨૦૨૦ |

# શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી

## બી.એડ્. પ્રવેશના નિયમો શૈક્ષણિક વર્ષ: ૨૦૨૦-૨૦૨૨

**માધ્યમ અંગેના નિયમો :**

૧. જે તે વિષયમાં તમામ માધ્યમો માટે એક જ સળંગ મેરીટ યાદી બનશે. માધ્યમ પ્રમાણે કોઈ અલગ જગ્યાઓ નથી.

૨. જે માધ્યમમાં પ્રવેશ મેળવેલ હોય તે જ માધ્યમમાં સમગ્ર પ્રાયોગિક કાર્ય કરવાનું રહેશે.

**લાયકાત અંગેના નિયમો :**

૩. યુ.જી.સી.એ માન્ય કરેલ કોઈપણ વૈધાનિક યુનિવર્સિટીની ૧૦+૨+૩ની તરાહમાં વિનયન, વાણિજ્ય કે વિજ્ઞાનના વિષયોમાં સ્નાતક અથવા અનુસ્નાતક પદવી પરીક્ષામાં કુલ ગુણના ઓછામાં ઓછા ૫૦% ગુણ જયારે ઇજનેરી કે તકનિકીમાં વિજ્ઞાન અથવા ગણિત વિષયમાં સ્પેશિયલાઈઝેશન સાથે સ્નાતકની પદવી પરીક્ષામાં ૫૫% ગુણ મેળવી પાસ કરનાર ઉમેદવાર બી.એડ્.ના અભ્યાસક્રમમાં પ્રવેશપાત્ર ગણાશે. **(SC, ST , SEBC** ઉમેદવાર માટે આ લાયકાતમાં ૫% ગુણની છૂટછાટ રહેશે.) ઉમેદવારે તા.૦૧/૦૪/૨૦૧૭ કે તે પછીનું ઉન્નત વર્ગમાં આવતા નથી તેવું સક્ષમ અધિકારીનું નોન -ક્રિમિલેયર પ્રમાણપત્રની નકલ ફોર્મ (વેરીફીકેશન સમયે રજૂ કરવાની રહે

૪. શૈક્ષણિક વર્ષ ૨૦૨૦ સુધી જેઓને સ્નાતકનું ૫મું સેમેસ્ટર અને અનુસ્નાતકનું ૩જા સેમેસ્ટર પૂર્ણ કરેલ હોય તેઓના અરજી ફોર્મ માન્ય ગણાશે ત્યારબાદ સ્નાતકના સેમેસ્ટર-૬ અને અનુસ્નાતાકનું સેમેસ્ટર-૪ની માર્કશીટ રજુ કરવાથી પ્રવેશકાર્ય માટે સુનિશ્ચિત થઇ શકશે.

૫. વિષય પસંદગી માટેના નિયમો :

| પ્રવેશ પદ્ધતિ પસંદગી માટેના વિષયો | |
|---|---|
| સ્નાતક/અનુસ્નાતક કક્ષાએ વિષયો | પ્રવેશપદ્ધતિ (Methods) |
| ગુજરાતી(Gujarati) | ગુજરાતી |
| હિન્દી (Hindi) | હિન્દી |
| સંસ્કૃત (Sanskrit) (પ્રાકૃત, અર્ધમાગધી) | સંસ્કૃત |
| અંગ્રેજી (EnglishEnglish) | અંગ્રેજી |
| ગણિત (Maths),આંકડાશાસ્ત્ર (Statistics) ઈજનેરી B.E.& B.Tech. | ગણિત |
| Physics, Chemistry, Botany, Zoology, Microbiology, Bio-Technology, Bio-Chemistry, Industrial- Chemistry, Geology, Electronics, Pharmacy, Environment science. | વિજ્ઞાન અને ટેકનોલોજી |
| (વાણિજ્ય વિદ્યાશાખાનો કોઈપણ વિષય )B.Com .કક્ષાએ (Any Subject Of Commerce at B.Com./BBA/BCA/MCA/Computer Science. | નામાનાં મૂળતત્વો અને વાણિજ્ય |
| ભૂગોળ, ઇતિહાસ, રાજયશાસ્ત્ર, અર્થશાસ્ત્ર,સમાજશાસ્ત્ર, ગૃહવિજ્ઞાન, તત્વજ્ઞાન(Geography, History, Political Science, Economics, Sociology, Home Science, Philosophy) | સામાજિક વિજ્ઞાન |
| મનોવિજ્ઞાન (Psychology) | મનોવિજ્ઞાન |
| અર્થશાસ્ત્ર (Economics) | અર્થશાસ્ત્ર |

૬. સ્નાતક કે અનુસ્નાતક કક્ષાએ મુખ્યવિષયમાં પ્રવેશ અપાયા બાદ કોઈ કોલેજમાં જો જગ્યાઓ ખાલી રહેશે તો પ્રવેશ સમિતિ તે સીટો અન્ય વિષયોમાં જરૂરિયાત મુજબ જેતે વિષયમાં(એક વિષય પદ્ધતિનીકુલ બેઠકો) ૨૫% થી વધે નહિ તે રીતે તબદીલ કરી શકશે.

૭. ઉમેદવારને જે તે વિષયપદ્ધતિમાં પ્રવેશ અપાયેલ હશે તે સિવાયની બીજી વિષયપદ્ધતિ જે તે કોલેજ દ્વારા નક્કી કરવામાં આવશે. આ બાબતે કોલેજનો નિર્ણય આખરી રહેશે.

બેઠકોની ફાળવણી :

૮.શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી, યુ.જી.સી. તેમજ એન.સી.ટી.ઈ. રેગ્યુલેશન-૨૦૧૪ના ધારા-ધોરણો ધ્યાને લઈ કોલેજની બેઠક સંખ્યા(ઇન્ટેક) અનુસાર પ્રવેશ કાર્યવાહી કરવામાં આવશે.

૯. જે તે કોલેજમાં વિષયદીઠ બેઠકોની ફાળવણી કોલેજ દ્વારા શીખવાતા વિષયો એન.સી.ટી.ઈ. દ્વારા મંજૂર થયેલ બેઠક ક્ષમતા અને શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી ગોધરાના નિયમોને આધિન રહેશે.

૧૦. શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટીના કાર્યક્ષેત્રમાં આવેલા જિલ્લાની કોલેજોમાંથી ગુજરાત યુનિવર્સિટી માંથી સ્નાતક અથવા અનુસ્નાતક થયેલ વિદ્યાર્થીઓને જ બી.એડ્. પ્રવેશ માટે શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ ગણવામાં આવશે.

૧૧. કુલ બેઠકો પૈકી શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટીના કાર્યક્ષેત્રમાં આવેલ જિલ્લાઓની સંલગ્ન કોલેજોના તમામ વિદ્યાર્થીઓ માટે ૮૮% બેઠકો અનામત રહેશે અને શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી સિવાયની ગુજરાત રાજ્યની અન્ય યુનિવર્સિટીઓના વિદ્યાર્થીઓ માટે ૧૦% તેમજ ગુજરાત રાજ્ય બહારની યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ માટે ૨% સીટો ફાળવવામાં આવશે .કોઈપણ સંજોગોમાં આ ટકાવારીમાં ફેરફાર થશે નહિ.

૧૨ NCTઅને ગુજરાત સરકારશ્રી દ્વારા નિયત થયેલ અનામત નીતિ અનુસાર વિવિધ કેટેગરીઓમાં પ્રવેશ આપવામાં આવશે.

**દિવ્યાંગ ઉમેદવાર માટે** :

૧૩.(અ) દિવ્યાંગ કક્ષાનો લાભ લેવા ઇચ્છનાર ઉમેદવારોએ સિવિલ સર્જનશ્રીના પ્રમાણપત્રની નકલ અરજીપત્રક સાથે અચૂક જોડવાની રહેશે. આ પ્રકારના ઉમેદવારો ઓછામાં ઓછી ૪૦% અને વધુમાં વધુ ૬૦% વિકલાંગતા ધરાવતા હશે તો જ મેરિટના આધારે પ્રવેશપાત્ર થશે. આમ છતાં વિકલાંગતા તેમના અભ્યાસ દરમ્યાન જરૂરી કામ કરવા માટે અવરોધક હોવી જોઈએ નહિ. આ માટે પ્રવેશ સમિતિનો નિર્ણય આખરી ગણાશે.

(બ) ૬૦% થી વધુ વિકલાંગતા ધરાવતા ઉમેદવારો વિકલાંગતા જાહેર ન કરીને અન્ય કેટેગરીમાં પ્રવેશ મેળવી શકશે નહિ અને જો તે રીતે પ્રવેશ મેળવ્યો હશે તો તે રદ થવાને પાત્ર છે અને તેઓની ફી જપ્ત થશે.

૧૪. અનામત બેઠકનો લાભ લેવા ઇચ્છતા ઉમેદવારોએ સક્ષમ અધિકારીનું જાતિ અંગેનું પ્રમાણપત્રની સ્વપ્રમાણિત નકલ રજિસ્ટ્રેશન ફોર્મ સાથે અપલોડ કરવાનું રહેશે અન્યથા રજિસ્ટ્રેશન ફોર્મ રદ થશે.

૧૫. **SEBC** ઉમેદવારોએ તા.૦૧/૦૪/૨૦૧૭ કે તે પછીનું સક્ષમ અધિકારીનું નોન-ક્રીમીલેયર સર્ટિફિકેટ "ઉન્નત વર્ગમાં (ક્રીમીલેયર) આવતા નથી." તેવું દર્શાવતું પ્રમાણપત્ર રજીસ્ટ્રેશન અરજી ફોર્મ સાથે અપલોડ કરવાનું રહેશે.

૧૬. જાતિનું પ્રમાણપત્ર, નોન-ક્રીમીલેયર સર્ટીફીકેટ અને આર્થિક રીતે પછાત વર્ગ **(EWS)** નું પ્રમાણપત્ર અરજી સાથે અપલોડ કરેલ નહિ હોય, તો ઉમેદવારને (જનરલ ઓપન કેટેગરીમાં ગણવામાં આવશે) પાછળથી કોઈ પણ સંજોગોમાં કેટેગરી બદલવામાં આવશે નહિ.

૧૭. (અ) શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટીના કાર્યક્ષેત્રમાં આવેલ જિલ્લાઓની છોટાઉદેપુર, દાહોદ, મહીસાગર, પંચમહાલ અને વડોદરા ગ્રામ્યની ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન કોલેજો સિવાયના તમામ અરજદારોએ અને એક્સ્ટર્નલ અભ્યાસ કરેલ હોય તેઓને પણ શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટીમાંથી પ્રોવિઝનલ એડ્‌મિશન એલીજીબીલીટી સર્ટિફીકેટ મેળવી રજુ કરવાનું રહેશે. પ્રવેશ વખતે અસલ સર્ટિફિકેટ અચૂક રજુ કરવાનું રહેશે. PAEC સર્ટિફિકેટ મેળવવા માટે તમામ પ્રમાણપત્રોની અસલ અને ઝેરોક્ષ નકલ સાથે રાખવી. PAEC મેળવવાની તારીખ અને નંબરને બી.એડ ઓનલાઈન પ્રવેશ ફોર્મમાં એન્ટ્રી કરવાનો રહેશે. PAEC પ્રોવિઝનલ એડ્‌મિશન એલીજીબીલીટી સર્ટિફીકેટ મેળવવાની કાર્યવાહી ઓનલાઈન કરી શકાશે. જેમાટે યુનિવર્સિટીની લીંક sggu.gipl.in/PECApplicationForm.aspx પરથી ઓનલાઈન અરજીની કાર્યવાહી કરી મેળવી શકાશે.

(બ) જો ઉમેદવાર શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટીના કાર્યક્ષેત્રમાં આવેલ જિલ્લાઓની ગુજરાત યુનિવર્સિટીની સંલગ્ન કોલેજો સિવાયઅન્ય કોલેજ/યુનિવર્સિટીમાંથી સ્નાતક/અનુસ્નાતક થયા હોય કે કોઈ અન્ય અભ્યાસક્રમ અન્ય યુનિવર્સિટીમાંથી પૂર્ણ કર્યો હોય કે અન્ય યુનિવર્સિટીમાંથી અભ્યાસ છોડી દીધેલ હોય તે તમામે પ્રોવિઝનલ એડમિશન એલિજિબિલિટી સર્ટિફિકેટ મેળવવું જરૂરી છે. જે માટે ક્રમ ૧૬(અ) માં દર્શાવેલ કાર્યવાહી મુજબ મેળવવાનું રહેશે.

૧૮. જો ઉમેદવારે સ્નાતક અને અનુસ્નાતકની પદવી પ્રાપ્ત કર્યા પછી ૩ વર્ષ કે તેથી વધુના સમયગાળા દરમ્યાન અન્ય કોઈ અભ્યાસ અથવા પ્રવૃત્તિ ન હોય તો "મેં કોઈ અભ્યાસ કરેલ નથી" તે મુજબનું એફિડેવિટ ઓનલાઈન અપલોડ કરવાનું રહેશે.

૧૯. **મેરિટ ગણતરીના નિયમો** :

૧. સ્નાતક કક્ષાએ સેમેસ્ટર-૫ અને ૬ ના અથવા ટી.વાય.ના ગુણ ધ્યાનમાં લેવાશે.

૨. અનુસ્નાતક કક્ષાએ સેમેસ્ટર-૩ અને ૪ના કુલ ગુણ અથવા બીજા વર્ષના કુલ મેળવેલ ગુણ ધ્યાનમાં લેવાશે.

૩. જો INTIGRATED COURSE હોય તો તેમાં છેલ્લા બે સેમેસ્ટર (૯ અને ૧૦) અથવા સેમેસ્ટર (૫ અને ૬)ના ગુણ ધ્યાનમાં લેવાશે.

- જો ક્રેડીટ આપેલ હોય તો........

સેમેસ્ટર ૫ અને ૬ના **SGPA** ગુણના સરેરાશ ⁎ X૧૦ગુણને ૧૦૦ ગુણમાંથી ગણવામાં આવશે.

દા.ત. સેમેસ્ટર-૫ના **SGPA** ૫.૧૩

અને સેમેસ્ટર-૬ના **SGPA** ૬.૯૫ હોય તો **૫.૧૩+૬.૯૫= ૧૨.૦૮%૨= ૬.૦૪**

માટે **૬.૦૪ * ૧૦= ૬૦.૪** મેળવેલા ગુણ ૬૦.૪ અને કુલ ગુણ ૧૦૦ ગણાશે.

- એન્જીનીયરીંગના વિદ્યાર્થીઓએ પ્રોવિઝનલ ડીગ્રી સર્ટિફિકેટમાં દર્શાવેલ **CGPA**માંથી (૦.૫) બાદ કરી ૧૦ વડે ગુણતા જે આવે તેને ૧૦૦ ગુણમાંથી મેળવેલ ગુણ ગણવા.
- **દાત:- ૬.૯ CGPA હોય તો ૬.૯-૦.૫=૬.૪*૧૦= ૬૪ એ મેળવેલ ગુણ અને કુલ ગુણ ૧૦૦ ગણવા.**

**મેરિટ ગુણ નક્કી કરવાની રીત :**

૨૦. સ્નાતક અને અનુસ્નાતક કક્ષાએ જેમાંથી વધુ ગુણ હોય તે મેરીટ ગુણમાં ગણવામાં આવશે.

૨૧. જો બે કે તેથી વધુ પ્રવેશાર્થીઓના પ્રવેશ ગુણાંક સરખા થતા હોય ત્યારે અગ્રતાક્રમ નીચે પ્રમાણે નક્કી કરવામાં આવશે.

(અ) બે ઉમેદવારના સરખા મેરીટના ગુણ થતા હોય તો ધો-૧૨ની ટકાવારીની સરખામણી કરવી તેમ છતાં અગ્રતાક્રમ નક્કી ન થાય તો જન્મ તારીખ પ્રમાણે સીનીયર ગણવામાં આવશે. આમ છતાં અગ્રતા ક્રમ નક્કી ન થાય તો પ્રવેશ સમિતિ ન્યાયિક પ્રયુક્તિનો ઉપયોગ કરી નિર્ણય આપશે.

૨૨. બી.એડ. ઓનલાઈન પ્રવેશથી એલોટમેન્ટ થયેલ કોલેજમાં ઉમેદવારે ભરેલું ફોર્મ અને લાયકાત, જાતી અને અપલોડ કરેલ તમામ અસલ દસ્તાવેજોની ખરાઈ કોલેજ ખાતે કરાવવાની રહેશે.

૨૩. એક વખત કોઈ એક કેટેગરીમાં અને/અથવા કોઈ કોલેજમાં પ્રવેશ મેળવી લીધા બાદ અન્ય કોલેજોમાં પ્રવેશ મેળવવાનો હક્ક રહેશે નહિ.

૨૪. પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીએ શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી દ્વારા નિયત કરેલ ફી (નોન રીફંડેબલ/નોન ટ્રાન્સફરેબલ) ઓનલાઈન નેટબેન્કિંગ પેમેન્ટના માધ્યમથી જમા કરાવવાની રહેશ. તથા કોલેજ ખાતે રીપોર્ટીંગ કરી ઓરીજનલ પ્રમાણપત્ર જમા કરાવી પોતાનો પ્રવેશ સુનિશ્ચિત કરવાનો રહેશે. અન્યથા પ્રવેશ રદ્દ ગણવામાં આવશે.

૨૫. પ્રથમ રાઉન્ડમાં વિદ્યાર્થીને પ્રવેશ મળ્યા બાદ બીજા રાઉન્ડમાં રીશફલીંગમાં અન્ય કોલેજોમાં પ્રવેશ મળે તો વિદ્યાર્થીએ પ્રથમ રાઉન્ડમાં જે કોલેજમાં પ્રવેશ મળ્યો હોય તે કોલેજમાં પ્રવેશ રદ્દ કરાવી તેનું પ્રમાણપત્ર લઇ બીજા રાઉન્ડમાં પ્રવેશ મળેલ કોલેજમાં જમા કરાવવાનું રહેશે અને પ્રવેશ સુનિશ્ચિત કરાવાનો રહેશે.

૨૬. એક વખત પ્રવેશ લીધા પછી નીચેના સંજોગોમાં ફી પરત કરવામાં આવશે નહિ.

    ૧. પ્રથમ રાઉન્ડમાં પ્રવેશ લીધા બાદ ઓનલાઈન નેટબેન્કિંગ પેમેન્ટથી ફી ભરી હોય પણ કોલેજમાં પ્રવેશ નિશ્ચિત ન કર્યો હોય ત્યારે.

૨. યુનિવર્સિટી પ્રવેશ પ્રક્રિયાના મેરીટના પ્રથમ રાઉન્ડ કે દ્વિતીય રાઉન્ડમાં પ્રવેશ મળ્યા બાદ ઓનલાઈન નેટબેન્કિંગ પેમેન્ટથી ફી ભરેલ હોય પરંતુ કોઈપણ કોલેજમાં ઓપન રાઉન્ડ કે મેનેજમેન્ટ કવોટામાં પ્રવેશ મેળવે ત્યારે.

૨૭. પ્રવેશ ગુણાંક, વિષયની પસંદગી, બેઠક ફાળવણી, કોલેજોની પસંદગી  તેમજ નિયમો વગેરેનું અર્થઘટન કરવામાં પ્રવેશ સમિતિનો નિર્ણય આખરી ગણાશે, આ બાબતે કોઈ વિવાદ ચાલશે નહિ.

૨૮. પ્રવેશના નિયમોમાં જરૂર જણાયતો કોઈપણ પ્રકારના ફેરફાર કરવાના અબાધિત અધિકાર પ્રવેશ સમિતિને રહેશે.

૨૯. ફી અંગેના તેમજ પ્રવેશ અંગેના શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટીના જે તે સમયના પ્રવર્તમાન નીતિનિયમો અનુસાર પ્રવેશ આપવામાં આવશે.

30. પ્રવેશ માટે નિયત કરેલ તારીખ અને સમયે ઉમેદવારે અચૂક પ્રવેશ નિશ્ચિત કરાવવાનો રહેશે. અન્યથા તેનો પ્રવેશ મેળવવાનો હક્ક રહેશે નહિ.

૩૧. જો કોઈ વિદ્યાર્થીને કોલેજમાં પ્રવેશ મેળવ્યા પછી પણ તેના ગુણપત્રકો , જ્ઞાતિ પ્રમાણપત્રો PAEC, EWC  કે અન્ય વિસંગતતા જોવા મળશે તો તેનો પ્રવેશ રદ્દ થવાને પાત્ર રહેશે અને ભરેલ ફી રીફંડ કે ટ્રાન્સફરેબલ રહેશે નહિ.

૩૨.  સ્વનિર્ભર કોલેજ અંગેની જણાવવામાં આવેલ માહિતીમાં NCTEના નવા નિયમો મુજબ સંભવિત ફેરફાર કે સુધારા -વધારા થવાની શક્યતા રહેલ છે. જેની નોંધ લેવી.

૩૩. પ્રવેશ પ્રક્રિયામાં કોઈ નીતિ નિયમો અંગે વાદ-વિવાદ ઉભો થાય તો માં. કુલ્પતીશ્રીનો નિર્ણય આખરી રહેશે.

૩૪. યુનિવર્સિટી સંલગ્ન કોલેજોની તથા ફીની વિગત બી.એડ. એડમીશન પોર્ટલ પર ઈ-માહિતી પુસ્તિકામાં જણાવેલ છે. દરેક કોલેજની સેમેસ્ટરની ફી યાદી પુસ્તિકામાં સામેલ છે.

*કો -ઓર્ડીનેટર*

*-બી.એડ./ એમ.એડ્. પ્રવેશ સમિતિ*